ઈમાનની વિશેષતાઓ

(૧) ઈમાન જ અલ્લાહના ત્યાં કર્મોની સ્વીકૃતિની શરત છે : રસૂલુલ્લાહ ﷺ ના એક પ્રસંગથી આની સ્પષ્ટતા થાય છે. આપ સલ્લ. બદ્રના યુદ્ધ માટે જઈ રહ્યા હતા. એક મુશ્રિક (અનેકેશ્વરવાદી) આપને મળ્યો. ખૂબ બહાદુર, હિંમતવાન અને શુરવીર હતો. સહાબા કિરામ તેને જોઈને ખૂબ ખુશ થયા. તેણે આવીને આપને કહ્યું કે હું પણ આપની સાથે જિહાદ (ધર્મ-યુદ્ધ)માં સામેલ થવા માગું છું. આપ ﷺ એ તેને પૂછ્યું કે શું તમે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન રાખો છો ? તેણે જવાબ આપ્યો, ના. આપ ﷺ એ ફરમાવ્યું, '' અમારા સાથે ન આવજો, અમને કોઈ મુશ્રિકની મદદની જરૂર નથી.'' તે ચાલ્યો ગયો. ફરી થોડી વાર પછી પાછો આવ્યો અને પોતાની એ જ ઈચ્છા વ્યક્ત કરી. આપ ﷺ એ ફરી તેને એ જ જવાબ આપ્યો. આવી રીતે તે ત્રણ વાર આવ્યો અને પોતાની ઈચ્છા વ્યક્ત કરતો રહ્યો. છેવટે ત્રીજી વાર જ્યારે રસૂલુલ્લાહ ﷺ એ તેને પૂછ્યું કે શું તમે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન રાખો છો ? તો તેણે કહ્યું : ''હા – !'' તો આપ ﷺ એ ફરમાવ્યું, ''સારું છે, અમારા સાથે ચાલો.'' (મુસ્લિમ)

خَرَجَ رَسُولُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ قِبَلَ بَدْرٍ، فَلَمَّا كَانَ بِحَرَّةِ الْوَبَرَةِ أَدْرَكَهُ رَجُلٌ قَدْ كَانَ يُذْكَرُ مِنْهُ جُرْأَةٌ وَنَجْدَةٌ، فَفَرِحَ أَصْحَابُ رَسُولِ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ حِينَ رَأَوْهُ، فَلَمَّا أَدْرَكَهُ قَالَ لِرَسُولِ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ: جِئْتُ لِأَتَّبِعَكَ، وَأُصِيبَ مَعَكَ، قَالَ لَهُ رَسُولُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ: «تُؤْمِنُ بِاللهِ وَرَسُولِهِ؟» قَالَ: لَا، قَالَ: «فَارْجِعْ، فَلَنْ أَسْتَعِينَ بِمُشْرِكٍ» ، قَالَتْ: ثُمَّ مَضَى حَتَّى إِذَا كُنَّا بِالشَّجَرَةِ أَدْرَكَهُ الرَّجُلُ، فَقَالَ لَهُ كَمَا قَالَ أَوَّلَ مَرَّةٍ، فَقَالَ لَهُ النَّبِيُّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ كَمَا قَالَ أَوَّلَ مَرَّةٍ، قَالَ: «فَارْجِعْ، فَلَنْ أَسْتَعِينَ بِمُشْرِكٍ» ، قَالَ: ثُمَّ رَجَعَ فَأَدْرَكَهُ بِالْبَيْدَاءِ، فَقَالَ لَهُ كَمَا قَالَ أَوَّلَ مَرَّةٍ: «تُؤْمِنُ بِاللهِ وَرَسُولِهِ؟» قَالَ: نَعَمْ، فَقَالَ لَهُ رَسُولُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ: «فَانْطَلِقْ» (مسلم).

અલ્લાહનો ઈરશાદ છે :

﴿ وَمَن يَعْمَلْ مِنَ ٱلصَّٰلِحَٰتِ مِن ذَكَرٍ أَوْ أُنثَىٰ وَهُوَ مُؤْمِنٌ فَأُو۟لَٰٓئِكَ يَدْخُلُونَ ٱلْجَنَّةَ وَلَا يُظْلَمُونَ نَقِيرًا ﴿١٢٤﴾ ﴾ النساء: ١٢٤

અનુવાદ : ''જે ઈમાનવાળો હોય, પુરુષ હોય કે સ્ત્રી, અને તે સદ્કાર્યો કરે, નિશ્ચિતપણે આવા લોકો જન્નતમાં જશે અને ખજૂરના નાના ચીરા જેટલો પણ તેમનો હક્ક માર્યો નહીં જાય.''

(સૂરઃ નિસા, આ.૧૨૪)

WWW.IJAIRFALAHI.COM

એક બીજી જગ્યાએ છે :

﴿ وَمَنۡ أَرَادَ ٱلۡأٓخِرَةَ وَسَعَىٰ لَهَا سَعۡيَهَا وَهُوَ مُؤۡمِنٞ فَأُوْلَٰٓئِكَ كَانَ سَعۡيُهُم
مَّشۡكُورٗا ١٩ ﴾ الإسراء: ١٩

અનુવાદ : ''અને જેનો ઈરાદો આખિરતનો હોય અને જેવી કોશિશ તેના માટે હોવી જોઈએ તે કરતો પણ હોય અને તે ઈમાનવાળો હોય, બસ આ જ લોકો છે, જેમની કોશિશોની અલ્લાહના ત્યાં પૂરેપૂરી કદર કરવામાં આવશે.'' (સૂરઃ બની ઈસરાઈલ, આ.૧૯)

(૨) **ઈમાન કેવળ જીભથી કહી દેવાનું નામ નથી :** મદીનામાં મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબ્બી બિન સલૂલ જ્યારે પણ રસૂલુલલાહ ﷺ ની પાસે આવતો, તો આપના મોઢા પર આપની ખૂબ પ્રશંસા કરતો અને પોતાના ઈમાનનું ખૂબ પ્રદર્શન કરતો અને આપના આજ્ઞાપાલન અને અનુસરણનું રટણ કરતો રહેતો. પરંતુ આ બધું જીભનો ઉભરો હતો. તેથી જેવો તે આપની પાસેથી હટતો, આપની બૂરાઈઓ શરૂ કરી દેતો. લોકોને ઉશ્કેરતો કે ક્યારેય પણ આપનું આજ્ઞાપાલન ન કરજો. આ અને તેનું આખું જૂથ જીભથી ઈમાન, ઈસ્લામ તેમજ રસૂલુલ્લાહ ﷺ ના આજ્ઞાપાલનનું સૌથી વધારે પ્રદર્શન કરતા, પરંતુ હૃદયથી કાફિર હતા, અંદરથી અલ્લાહ, રસૂલ અને મોમિનોના દુશ્મન હતા. આમના જ વિશે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું :

﴿ إِنَّ ٱلۡمُنَٰفِقِينَ فِي ٱلدَّرۡكِ ٱلۡأَسۡفَلِ مِنَ ٱلنَّارِ وَلَن تَجِدَ لَهُمۡ نَصِيرًا ١٤٥ ﴾ النساء: ١٤٥

અનુવાદ : ''મુનાફિકો તો નિશ્ચિતરૂપે જહન્નમના સૌથી નીચેના ભાગમાં જશે. અસંભવ છે કે તું તેમનો કોઈ સહાયક જુએ.'' (સૂરઃ નિસા, આ.૧૪૦)

વધુમાં ફરમાવ્યું :

﴿ إِذَا جَآءَكَ ٱلۡمُنَٰفِقُونَ قَالُواْ نَشۡهَدُ إِنَّكَ لَرَسُولُ ٱللَّهِۗ وَٱللَّهُ يَعۡلَمُ إِنَّكَ لَرَسُولُهُۥ وَٱللَّهُ يَشۡهَدُ إِنَّ
ٱلۡمُنَٰفِقِينَ لَكَٰذِبُونَ ١ ﴾ المنافقون: ١

અનુવાદ : ''તારા પાસે જ્યારે આ મુનાફિકો આવે છે, તો કહે છે કે અમે એ વાતના સાક્ષી છીએ કે નિઃશંક, આપ અલ્લાહના રસૂલ છો, અને અલ્લાહ જાણે છે કે ચોક્કસ આપ અલ્લાહના રસૂલ છો, અને અલ્લાહ સાક્ષી આપે છે કે આ મુનાફિકો તદ્દન જૂઠા છે.'' (સૂરઃ મુનાફિકૂન, આ.૧)

WWW.UZAIRFALAHI.COM

(૩) **ઈમાન અમલ પર ઉભારે છે અને વધારેમાં વધારે અમલ માટે પ્રેરિત કરે છે :** ઈમાન અને અમલ જોડું છે. એક જ સિક્કાની બે બાજુ. આ જ કારણસર અલ્લાહ તઆલાએ કુર્આન-કરીમમાં ૬૦ વાર આ બંનેનો ઉલ્લેખ એક સાથે કર્યો છે. જે પ્રમાણે સદ્કાર્ય દ્વારા ઈમાન પૂર્ણ થાય છે, એ જ પ્રમાણે સદ્કાર્ય સાચા ઈમાનની દલીલ હોય છે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«إِذَا رَأَيْتُمُ الرَّجُلَ يَتَعَاهَدُ الْمَسْجِدَ فَاشْهَدُوا لَهُ بِالإِيمَانِ» (ترمذي)

અનુવાદ : ''જ્યારે તમે જુઓ કે વ્યક્તિ નિરંતર મસ્જિદ જવા લાગે છે, તો તેના ઈમાનની સાક્ષી આપો. (તિરમિઝી)

દારૂને અવૈધ ઠરાવવાનો પ્રસંગ પણ ખૂબ જ દૂરદર્શી છે. રસૂલુલ્લાહ ﷺ ના સહાબા છેવટે એ જ લોકો તો હતા, જેઓ અજ્ઞાની સમાજમાં પેદા થયા હતા, જેમાં દારૂ પીવો અને પીવડાવવો સામાન્ય હતું. તેઓ આના રસિયા હતા. દારૂ તેમની ગળથૂથીમાં હતો. પરંતુ જ્યારે દારૂને હરામ (અવૈધ) કરવાની આ આયત અવતરિત થઈ :

﴿ يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوٓاْ إِنَّمَا ٱلْخَمْرُ وَٱلْمَيْسِرُ وَٱلْأَنصَابُ وَٱلْأَزْلَٰمُ رِجْسٌ مِّنْ عَمَلِ ٱلشَّيْطَٰنِ فَٱجْتَنِبُوهُ لَعَلَّكُمْ تُفْلِحُونَ ﴿٩٠﴾ ﴾ المائدة: ٩٠

અનુવાદ : ''હે ઈમાનવાળાઓ ! વાત એ છે કે દારૂ અને જુગાર અને વેદીઓ વગેરે અને પાસાના તીર આ બધું ગંદી વાતો, શૈતાની કામ છે, તેનાથી તદ્દન દૂર રહો, જેથી તમે સફળતા પ્રાપ્ત કરો.''

(સૂરઃ માઈદા, આ.૯૦)

બીજી જગ્યાએ ફરમાવ્યું :

﴿ فَهَلْ أَنتُم مُّنتَهُونَ ﴿٩١﴾ ﴾ المائدة: ٩١

અનુવાદ : ''તેથી તમે તેનાથી દૂર રહો.'' (સૂરઃ માઈદા, આ.૯૧)

જ્યારે સહાબા કિરામ ﷺ એ આ આયતને સાંભળી, તો દારૂથી છલકતા જામ તોડી નાખ્યા, ત્યાં સુધી જેમના હોઠો સુધી જામ પહોંચી ગયા હતા, તેમણે પણ હાથ રોકી લીધા. આ અલ્લાહ અને તેના રસૂલના અનુસરણનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ હતું. હુરમત (અવૈધ)નો આદેશ સાંભળ્યો કે તરત જ લોકો પોતાના ઘરો તરફ દોડ્યા અને જેટલો દારૂ હતો તે વહાવી દીધો, ત્યાં સુધી કે મદીનાની નાળીઓમાં દારૂ વહેવા લાગ્યો અને કેટલાય દિવસો સુધી દારૂની દુર્ગંધ અનુભવાતી રહી. એ ઈમાનનો ચમત્કાર હતો કે જેણે એક પળમાં એ કરી બતાવ્યું, જે આજની મોટી-મોટી સરકારો ન કરી શકી. દારૂબંધીની

WWW.UZAIRFALAHI.COM

અસંખ્ય સ્કીમો ચલાવવામાં આવી, પુષ્કળ ધન-દોલત બેફામ રીતે ખર્ચ કરવામાં આવી, પરંતુ બધી સ્કીમો નિષ્ફળ થઈ ગઈ અને દારૂ પીવા પર કાબૂ મેળવી શકાયો નહીં.

(૪) **ઈમાન ગુનાઓની જડ કાપે છે અને ગુનાઓમાં કમીનું કારણ બને છે :** ઈમાનની એક વિશેષતા એ પણ છે કે તે માનવીને ગુનાઓથી દૂર રાખે છે. ઈમાનમાં જેમ-જેમ પ્રગતિ થતી જાય છે, માનવી ધીમે-ધીમે ગુનાઓથી દૂર થતો જાય છે. ઈમાન અને ગુનામાં સ્વાભાવિક વિષમતા જોવા મળે છે. એ. જ રીતે ઈમાન અને સદ્કાર્યમાં સ્વાભાવિક આકર્ષણ જોવા મળે છે. ઈમાની શક્તિ ગુના અને બૂરાઈના પ્રેરકો અને કારણોના મૂળ કાપી નાખે છે. નિરંતર ગુનેગારની ક્યારેક એ માનસિકતા બની જાય છે કે જ્યારે આટલા ગુનાઓ કરી લીધા છે, તો હવે ઈમાન કેવી રીતે બચ્યું હશે ? જો કે આ વિચાર ખોટો છે. ગુનાઓ ઈમાનને સમાપ્ત નથી કરતા, નબળું અવશ્ય કરે છે. જો ગુનેગાર કમર કસી લે અને ઈમાનની શક્તિના પરિબળો પર ધ્યાન આપે, તો ધીમે-ધીમે ગુનાઓથી દૂર થઈ શકે છે.

એક પ્રસંગ છે કે ત્રણ માણસો સફર કરી રહ્યા હતા. રાત્રે ઊંઘવાની જગ્યા શોધવા લાગ્યા. એક ગુફામાં પહોંચ્યા કે અચાનક ગુફાના મુખ પર એક મોટો પથ્થર આવીને પડ્યો અને ગુફા બંધ થઈ ગઈ. હવે એ લોકો ખૂબ પરેશાન થઈ ગયા. ગુફામાંથી બહાર નીકળવાનો રસ્તો બંધ થઈ ગયો હતો. આ ગભરાટમાં એ વિચાર આવ્યો કે હવે બસ, અલ્લાહથી દુઆ કરવી જોઈએ, પોતાના સદ્કાર્યોના હવાલાથી મદદ માંગવી જોઈએ. તેમાંથી એક વ્યક્તિ ઊભો થયો અને પોતાના સદ્કાર્યોના હવાલાથી અલ્લાહથી દુઆ કરવા લાગ્યો. પરિણામે પથ્થર થોડો ખસ્યો, પણ રસ્તો હજુ પણ બંધ જ હતો. બીજાએ પણ આવું જ કર્યું. પથ્થર સહેજ ખસ્યો. હવે ત્રીજા વ્યક્તિએ અલ્લાહને દુઆ કરવાનું શરૂ કર્યું અને કહ્યું કે મારી એક પિતરાઈ બહેન હતી. હું તેનાથી ખૂબ પ્રેમ કરતો હતો. એક વાર મેં તેના સાથે શારીરિક સંબંધ બાંધવાની ઈચ્છા કરી. તેના માટે મેં તેની લાખ ખુશામત કરી, પણ તે તૈયાર ન થઈ. લાંબો સમય વિતી ગયો, પરિસ્થિતિએ તેના ઘરવાળાઓને ગરીબી અને ભૂખમરી માટે લાચાર કરી દીધા. એક વાર તે મારા પાસે નાણાકીય મદદ માંગવા આવી. મેં તેને એ શરતે માલ આપ્યો કે તે મારી જૂની ઈચ્છા પૂરી કરી દે. તે બિચારી દુર્દશાની મારી તેના માટે તૈયાર થઈ ગઈ. બરાબર ટાણે તે ધ્રુજતા-કાંપતા બોલી કે હે અલ્લાહના બંદા ! અલ્લાહથી ડર અને હરામ (અવૈધ)નું આચરણ ન કર. હું તેને છોડીને અલગ થઈ ગયો, જો કે તે મને ખૂબ પ્રિય હતી. મેં તેને આપેલ માલ પણ માફ કરી દીધો. હે અલ્લાહ ! જો મેં આ કાર્ય તારી પ્રસન્નતા માટે કર્યું હતું, તો આ મુસીબતથી અમને મુક્તિ આપ. તેની દુઆ કબૂલ થઈ. પથ્થર ખસી ગયો અને એ લોકો ગુફામાંથી બહાર નીકળી આવ્યા. એ ઈમાન જ હતું, જેણે આ વ્યક્તિને શક્તિ હોવા છતાં વ્યભિચાર જેવા ઘૃણિત કૃત્યથી સુરક્ષિત રાખ્યો. વ્યક્તિ જ્યારે કોઈ એવા કાર્યનો ઈરાદો કરે, જે અલ્લાહની નારાજગીનું કારણ બને, તો તેણે યાદ કરવું જોઈએ કે

WWW.IJTAHFALAH.COM

અલ્લાહ તઆલા જોઈ રહ્યો છે, તે નિરીક્ષણ કરી રહ્યો છે. પછી તે અલ્લાહને નારાજ કરનારા કાર્યથી બચી જશે.

(૫) **મોમિન કેવળ અલ્લાહની શક્તિ અને સહાયતા પર ભરોસો કરે છે :** ઈસ્લામના આરંભિક દિવસોમાં કુરૈશીઓ અબૂ તાલિબ પાસે આવ્યા અને કહ્યું કે હે અબૂ તાલિબ ! પોતાના ભત્રીજા (હઝરત મુહમ્મદ ﷺ) ને સમજાવો, તે અમારા ઉપાસ્યોને ખરું-ખોટું કહે છે. તેમના આમંત્રણથી અમારા ઘરોમાં ફાટફૂટ પડી ગઈ છે.. જો તમારો ભત્રીજો ધન-દોલતનો ઈચ્છુક છે, તો અમે તેની ઈચ્છા પૂરી કરવા તૈયાર છીએ. જો તે સરદારી (નેતૃત્વ) ઈચ્છે છે, તો અમે તેને અમારો સરદાર બનાવવા માટે રાજી છીએ, અને જો તેને કોઈ બીમારી વળગી છે તો અમે સૌથી શ્રેષ્ઠ તબીબો બોલાવવા તૈયાર છીએ, તે તેમનાથી ઈલાજ કરાવી લે. આના જવાબમાં જે કંઈ રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું તે ઈમાનની મહાનતાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. આપ ﷺ એ મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ)ના પ્રસ્તાવને ધ્યાન પર ન લીધો અને ન તો દુનિયાની અપાર ધન-દોલતના બદલામાં પોતાના ઈમાનનો સોદો કરવા માટે રાજી થયા. ફરમાવ્યું તો એ ફરમાવ્યું કે, ‘‘હે આદરણીય કાકા ! જો આ લોકો મારા જમણા હાથમાં સૂર્ય અને ડાબા હાથમાં ચંદ્ર પણ મૂકી દે, તો હું આ કામ (દીનના આમંત્રણ કામ)થી કદાપિ અટકીશ નહીં, ત્યાં સુધી કે અલ્લાહ તઆલા ઈસ્લામને પ્રભુત્વ અપાવી દે, અથવા આમાં જ હું મરી-ખપી જાઉં.

(ઈબ્ને હિશામ)

ઈતિહાસમાં ઈમાનની પરીક્ષાઓ અને કસોટીઓનો આવો જ એક પ્રસંગ ‘અસ્હાબુલ ઉખ્દૂદ’ (ખાડાવાળા)નો છે. કાફિરો (અધર્મીઓ)એ ઈમાનના ગુનાસર મોમિનોને સજા આપવા માટે મોટા-મોટા ખાડાઓ ખલદાવ્યા અને તેમાં આગ ભડકાવી. જ્યારે આગ બરાબર ભડકી ઉઠી, તો ઈમાનવાળાઓને તેમાં નાખી દેવામાં આવ્યા, પરંતુ સલામ તેમના ઈમાનને ! તેમણે મૃત્યુને ગળે લગાડી દીધું, પણ ઈમાનથી સહેજ પણ ન હટ્યા. અલ્લાહનો ઈરશાદ છે :

﴿قُتِلَ أَصۡحَٰبُ ٱلۡأُخۡدُودِ ٤ ٱلنَّارِ ذَاتِ ٱلۡوَقُودِ ٥ إِذۡ هُمۡ عَلَيۡهَا قُعُودٞ ٦ وَهُمۡ عَلَىٰ مَا يَفۡعَلُونَ
بِٱلۡمُؤۡمِنِينَ شُهُودٞ ٧ وَمَا نَقَمُواْ مِنۡهُمۡ إِلَّآ أَن يُؤۡمِنُواْ بِٱللَّهِ ٱلۡعَزِيزِ ٱلۡحَمِيدِ ٨﴾ البروج: ٤ - ٨

અનુવાદ : ‘‘નાશ કરી નાખવામાં આવ્યો ખાડાવાળાઓનો ! એ એક આગ હતી, ખૂબ સળગતા ઈંધણવાળી, જ્યારે કે એ લોકો તેના પાસે બેસેલા હતા અને મુસલમાનોની સાથે જે કંઈ કરી રહ્યા હતા, પોતાના સામે જોઈ રહ્યા હતા. આ લોકો આ મુસલમાનો (ના કોઈ બીજા ગુનાનો) બદલો નહોતા લઈ રહ્યા, સિવાય તેના કે તેઓ અલ્લાહ પ્રભુત્વશાળી, સ્વયં પ્રશંસિત પર ઈમાન લઈ આવ્યા હતા.’’

(સૂરઃ બુરૂજ, આ.૪-૮)

WWW.UZAIRFALAHI.COM

એ જ પ્રમાણે ફિરઔનના જાદૂગરોનો પ્રસંગ છે કે જ્યારે ફિરઔને હઝરત મૂસા ﷺ ના મુકાબલા માટે જાદૂગરોને એકઠા કર્યા. પરંતુ જ્યારે જાદૂગરોએ અલ્લાહની શક્તિ અને તેના ચમત્કારોનો અનુભવ કર્યો, તો સિજદામાં પડી ગયા. અલ્લાહનો ઈરશાદ છે :

﴿ قَالُوٓاْ ءَامَنَّا بِرَبِّ ٱلۡعَٰلَمِينَ ﴿١٢١﴾ رَبِّ مُوسَىٰ وَهَٰرُونَ ﴿١٢٢﴾ ﴾ الأعراف: ١٢١ - ١٢٢

અનુવાદ : ''કહેવા લાગ્યા કે અમે ઈમાન લાવ્યા સૃષ્ટિના રબ પર, જે મૂસા અને હારૂનનો પણ રબ છે.'' (સૂરઃ આ'રાફ, આ.૧૨૧)

જાદૂગરોનું આ ઈમાન ફિરઔનને ખૂબ ખરાબ લાગ્યું. તેણે જાદૂગરોને ધમકી આપી કે હું તમારા હાથ-પગ કપાવી નાખીશ, તમે કેમ મૂસાના રબ પર ઈમાન લાવ્યા ? પરંતુ તેમના હૃદયમાં ઈમાન વસી ચૂક્યું હતું અને તેમણે ઈમાનનો રસાસ્વાદ કરી લીધો હતો, તેથી નિર્ભયતાથી જવાબ આપ્યો :

﴿ قَالُواْ لَا ضَيۡرَۖ إِنَّآ إِلَىٰ رَبِّنَا مُنقَلِبُونَ ﴿٥٠﴾ ﴾ الشعراء: ٥٠

અનુવાદ : ''તેમણે કહ્યું કે કંઈ વાંધો નથી, અમે તો અમારા રબ તરફ પાછા ફરવાના જ છીએ.''
(સૂરઃ શોઅ્રા, આ.૫૦)

(૬) **ઈમાન અને પરીક્ષા :** ખરા-ખોટા અને સાચા-જૂઠાને અલગ તારવવા માટે અગ્નિ-પરીક્ષા અને કસોટી અલ્લાહ તઆલાની સુન્નત (રીત) છે. તે આરામ અને તકલીફ દ્વારા લોકોને અજમાવે છે, જેથી સાચા (મોમિનો) અને જૂઠા (મુનાફિકો, દંભીઓ)માં ભેદ થઈ શકે. અલ્લાહનો ઈરશાદ છે :

﴿ الٓمٓ ﴿١﴾ أَحَسِبَ ٱلنَّاسُ أَن يُتۡرَكُوٓاْ أَن يَقُولُوٓاْ ءَامَنَّا وَهُمۡ لَا يُفۡتَنُونَ ﴿٢﴾ وَلَقَدۡ فَتَنَّا ٱلَّذِينَ مِن قَبۡلِهِمۡۖ
فَلَيَعۡلَمَنَّ ٱللَّهُ ٱلَّذِينَ صَدَقُواْ وَلَيَعۡلَمَنَّ ٱلۡكَٰذِبِينَ ﴿٣﴾ ﴾ العنكبوت: ١ - ٣

અનુવાદ : ''અલીફ-લામ-મીમ ! શું લોકોએ એ માની લીધું છે કે તેમના માત્ર એ દાવા પર કે અમે ઈમાન લાવ્યા છીએ, અમે તેમને તેમની પરીક્ષા કર્યા વગર જ છોડી દઈશું ? તેમનાથી અગાઉના લોકોને પણ અમે ખૂબ અજમાવ્યા. ચોક્કસ, અલ્લાહ તઆલા તેમને પણ જાણી લેશે જેઓ સાચું કહે છે અને તેમને પણ જાણી લેશે જેઓ જૂઠા છે.'' (સૂરઃ અન્કબૂત, આ.૧-૩)

હઝરત મુસ્અબ બિન સઅદ પોતાના પિતાથી નોંધે છે કે તેમણે પૂછ્યું કે હે રસૂલુલ્લાહ ﷺ ! કયા લોકોની વધારે પરીક્ષા થાય છે ? આપ ﷺ એ ફરમાવ્યું :

WWW.UZAIRFALAHI.COM

«الأَنْبِيَاءُ ثُمَّ الأَمْثَلُ فَالأَمْثَلُ، فَيُبْتَلَى الرَّجُلُ عَلَى حَسَبِ دِينِهِ، فَإِنْ كَانَ دِينُهُ صُلْبًا اشْتَدَّ بَلَاؤُهُ، وَإِنْ كَانَ فِي دِينِهِ رِقَّةٌ ابْتُلِيَ عَلَى حَسَبِ دِينِهِ، فَمَا يَبْرَحُ البَلَاءُ بِالعَبْدِ حَتَّى يَتْرُكَهُ يَمْشِي عَلَى الأَرْضِ مَا عَلَيْهِ خَطِيئَةٌ» (الترمذي ، ابن ماجه)

અનુવાદ : ''પયગંબરો અને દરજ્જામાં તેમના પછીના લોકોની. માનવીને તેના દીન અનુસાર અજમાવવામાં આવે છે. જો તેનો દીન મજબૂત અને દૃઢ હોય છે, તો તેની પરીક્ષા પણ એવી કઠિન હોય છે. જો તેના દીનમાં નબળાઈ હોય છે, તો તેની પરીક્ષા પણ હળવી હોય છે.''

(તિરમિઝી, ઇબ્ને માજા)

હઝરત ખુબૈબ બિન અદી ﷺ ની અગ્નિ-પરીક્ષા અને કસોટીનો પ્રસંગ ખૂબ જ પ્રખ્યાત છે. મુશ્રિકોએ તેમને કેદ કરી રાખ્યા હતા. જ્યારે તેમને ફાંસી આપવાનું શરૂ કર્યું, તો તેમણે બે રકા'ત નમાઝ પઢવાની મહેતલ માંગી. તેમણે ટૂંકી બે રકા'તો પઢી અને લોકોને સંબોધીને કહ્યું : જો તમારું અનુમાન એ ન હોત કે હું મૃત્યુથી ડરી રહ્યો છું, તો હું વધારે લાંબી અને વધારે નમાઝો પઢતો. મુશ્રિકો તેમને શૂળી પર લઈ ગયા અને કતલ કરતાં પહેલં પૂછ્યું : હે ખુબૈબ ! શું તને એ પસંદ નથી કે મુહમ્મદ તારી જગ્યાએ હોત અને તું પોતાના બાળ-બચ્ચાઓની સાથે હોત ? હઝરત ખુબૈબ ﷺ એ વિહ્વળ થઈને જવાબ આપ્યો : ''કદાપિ નહીં ! કદાપિ નહીં ! હું તો એ પણ નથી ઇચ્છતો કે હું જીવતો રહું અને મુહમ્મદ ﷺ ના પગમાં કાંટો પણ વાગે !'' છેવટે તેમને શહીદ કરી નાખવામાં આવ્યા. આ જ સ્થિતિ હઝરત સુમૈયા ﷺ અને તેમના ઘરવાળાઓની હતી. મુશ્રિકો તેમના પર ઘોર અત્યાચાર કરી રહ્યા હતા કે આપ ﷺ ત્યાંથી પસાર થયા અને ફરમાવ્યું : ''હે યાસરના સંતાનો ! ધૈર્ય રાખો, તમને જન્નતનું વચન છે.'' (ઇબ્ને હિશામ) અલ્લાહની પરીક્ષાઓમાં મોમિન ધૈર્યથી કામ લે છે અને માત્ર અલ્લાહ પર ભરોસો કરે છે. અલ્લાહને આ જ અપેક્ષિત પણ છે. તેથી ફરમાવ્યું :

﴿ يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُواْ ٱصۡبِرُواْ وَصَابِرُواْ وَرَابِطُواْ وَٱتَّقُواْ ٱللَّهَ لَعَلَّكُمۡ تُفۡلِحُونَ ٢٠٠ ﴾
آل عمران: ٢٠٠

અનુવાદ : ''હે ઈમાનવાળાઓ ! તમે અડગ રહો અને એક-બીજાથી જોડાયેલા રહો અને જિહાદ માટે તૈયાર રહો, જેથી તમે સફળ થાઓ.'' (સૂરઃ આલે ઇમરાન, આ.૨૦૦)

રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું : الصَّبْرُ نِصْفُ الْأِيمَانِ

અનુવાદ : ''સબ્ર (ધૈર્ય) અડધું ઈમાન છે.'' (અબૂ નઈમ)

WWW.UZAIRFALAHI.COM

સદ્‌કાર્યો પર અડગતાથી ચાલતા રહેવાથી ઈમાનમાં વૃદ્ધિ થાય છે, ગુનાઓમાં કમી થાય છે. અલ્લાહનો ઈરશાદ છે :

﴿إِنَّمَا ٱلْمُؤْمِنُونَ ٱلَّذِينَ إِذَا ذُكِرَ ٱللَّهُ وَجِلَتْ قُلُوبُهُمْ وَإِذَا تُلِيَتْ عَلَيْهِمْ ءَايَٰتُهُۥ زَادَتْهُمْ إِيمَٰنًا وَعَلَىٰ رَبِّهِمْ يَتَوَكَّلُونَ ۝٢﴾ الأنفال: ٢

અનુવાદ : ''બસ, ઈમાનવાળા તો એવા હોય છે કે જ્યારે અલ્લાહ તઆલાનો ઉલ્લેખ આવે છે, તો તેમના હૃદયો ડરી જાય છે અને જ્યારે અલ્લાહની આયતો તેમને પઢીને સંભળાવવામાં આવે છે, તો એ આયતો તેમના ઈમાનમાં ઓર વધારો કરી દે છે અને એ લોકો પોતાના રબ પર ભરોસો કરે છે.''

(સૂરઃ અન્ફાલ, આ.૨)

બીજી જગ્યાએ ફરમાવ્યું :

﴿ٱلَّذِينَ قَالَ لَهُمُ ٱلنَّاسُ إِنَّ ٱلنَّاسَ قَدْ جَمَعُوا۟ لَكُمْ فَٱخْشَوْهُمْ فَزَادَهُمْ إِيمَٰنًا وَقَالُوا۟ حَسْبُنَا ٱللَّهُ وَنِعْمَ ٱلْوَكِيلُ ۝١٧٣﴾ آل عمران: ١٧٣

અનુવાદ : ''એ લોકો કે જ્યારે તેમને લોકોએ કહ્યું કે કાફિરોએ તમારા સામના માટે લશ્કરો એકઠા કરી લીધા છે, તમે તેમનાથી ડરો, તો આ વાતે તેમને ઈમાનમાં ઓર વધારી દીધા અને કહેવા લાગ્યા કે અમારા માટે અલ્લાહ પૂરતો છે અને તે ખૂબ જ ઉત્તમ કાર્યસાધક છે.''

(સૂરઃ આલે ઈમરાન, આ.૧૭૩)

એક વખતે અલ્લાહના રસૂલ ﷺ ના પાસેથી હઝરત હન્ઝલા رضي الله عنه નીકળ્યા કે હઝરત અબૂ બક્ર رضي الله عنه ની મુલાકાત થઈ ગઈ. હઝરત હન્ઝલા رضي الله عنه એ હઝરત અબૂ બક્ર رضي الله عنه ને કહ્યું કે હન્ઝલા તો મુનાફિક થઈ ગયો. હઝરત અબૂ બક્ર رضي الله عنه એ કહ્યું, ''સુબ્હાનલ્લાહ ! આવું કેવી રીતે થઈ શકે છે ? શું કહી રહ્યા છો ?'' હઝરત હન્ઝલા رضي الله عنه એ પોતાની સ્થિતિ બતાવી કે જ્યારે રસૂલુલ્લાહ ﷺ ની પાસે હોય છે અને આપ જન્નત અને જહન્નમની વાતો કરે છે, તો હૃદયની એક વિશેષ પ્રકારની સ્થિતિ હોય છે, પરંતુ જ્યારે અમે અમારી દુનિયાની વ્યસ્તતાઓમાં હોઈએ છીએ, તો હૃદયની સ્થિતિ એવી નથી હોતી. જ્યારે હઝરત હન્ઝલા رضي الله عنه ની વાત હઝરત અબૂ બક્ર رضي الله عنه એ સાંભળી, તો તેઓ પણ ગભરાઈ ગયા અને કહ્યું કે, હન્ઝલા ! આવી જ સ્થિતિ તો મારી પણ છે ! તેથી બંને રસૂલુલ્લાહ ﷺ ની પાસે આવ્યા અને પોતાની સ્થિતિ બતાવી. રસૂલુલ્લાહ ﷺ સાંભળીને મલકાયાં અને ફરમાવ્યું : ''એ હસ્તીના સોગંદ, જેના કબજામાં મારા પ્રાણ છે ! મારા પાસે જ્યારે તમે હોવ છો તે વખતે જે મનની સ્થિતિ

WWW.UZAIRFALAHI.COM

તમારી હોય છે, જો એવી હંમેશા રહે તો ફરિશ્તાઓ તમારા બિસ્તરો પર અને રસ્તે ચાલતાં તમારા સાથે હસ્તધૂનન કરવા લાગે. પરંતુ હે હન્ઝલા ! આ સ્થિતિ ક્યારેક રહેશે અને ક્યારેક નહીં રહે.'' આ વાત રસૂલુલ્લાહ ﷺ એ ત્રણ વાર દોહરાવી. (મુસ્લિમ) હઝરત અબૂ દરદા ﷺ ફરમાવતા હતા કે બંદાની સમજદારી એ છે કે તે પોતાના ઈમાનનું નિરીક્ષણ કરતો રહે કે તેમાં કઈ-કઈ કમીઓ છે, વધુમાં તેણે ધ્યાન રાખવું જોઈએ તેનું ઈમાન વધી રહ્યું છે કે ઓછું થઈ રહ્યું છે.

WWW.UZAIRFALAHI.COM